# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-02-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. રાજ્યમાં સમાન નાગરિક સંહિતાની આવશ્યકતા ચકાસવા અને મુસદ્દો તૈયાર કરવા પાંચ સભ્યોની સમિતિની રચના કરાઇ
2. રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના 215 ઉમેદવાર બિનહરીફ
3. બેટ દ્વારકામાં બાલાપર ગામના ગેરકાયદેસર દબાણો વક્ફ બોર્ડની મિલકત હોવાનો દાવો કરતી પીટીશન વડી અદાલતે ફગાવી
4. ગીર સોમનાથ જિલ્લાના વેરાવળના વાવડી આરોગ્ય કેન્દ્રને રાષ્ટ્રીય કક્ષાનો નેશનલ ક્વોલીટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ એવોર્ડ પ્રાપ્ત થયો
5. આગામી 24 કલાકમાં રાજ્યમાં લઘુત્તમ તાપમાન ઘટવાની હવામાન વિભાગની આગાહી

--------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## UNIFORM CIVIL CODE COMMITTEE

ગુજરાતમાં સમાન નાગરિક સંહિતાની આવશ્યકતા ચકાસવા અને કાયદાનો મુસદ્દો તૈયાર કરવા પાંચ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે સર્વોચ્ચ અદાલતના નિવૃત ન્યાયાધીશ રંજના દેસાઈ આ સમિતિના અધ્યક્ષ હશે.

આ સમિતિમાં અન્ય સભ્યો તરીકે નિવૃત્ત વરિષ્ઠ સનદી અધિકારી સી.એલ. મીના, એડવોકેટ આર. સી. કોડેકર તેમજ ભૂતપૂર્વ વાઇસ ચાન્સેલર દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર ગીતાબહેન શ્રોફનો સમાવેશ કરાયો છે. આ સમિતિ 45 દિવસમાં પોતાનો અહેવાલ સરકારને સોંપશે. આ અંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે સમાન નાગરિક સંહિતમાં આદિવાસી સમાજના રીતિ-રિવાજોનું સંરક્ષણ કરાશે.

(બાઇટ: હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)

. . . . . . . . . . . . . .

## LOCAL BODY ELECTION WIN

રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની બેઠકો પર ભાજપના કુલ 215 ઉમેદવારો બિનહરીફ જીત્યા છે. જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણીમાં 9 બેઠકો, તાલુકા અને જિલ્લા પંચાયતની પેટા ચૂંટણીઓમાં 10 બેઠકો બિનહરીફ થઈ છે.

રાજ્યની 68 નગર પાલિકાઓની 196 બેઠકો ઉપર ભાજપના ઉમેદવારોની બિનહરિફ જીત થઈ છે.

. . . . . . . . . . . . . .

# LOCAL BODY ELECTION

મહીસાગરની બાલાસિનોર નગરપાલિકામાં અપક્ષ અને કોંગ્રેસ ઉમેદવારે ફોર્મ પરત ખેંચ્યું હતું. જેથી વોર્ડ નંબર 3માં ભાજપ ઉમેદવારનો વિજય થયો છે.

(બાઇટ: રાજેશ પાઠક ...પૂર્વ ધારાસભ્ય, બાલાસિનોર)

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકા પંચાયતની 16 મંગલીયાણા બેઠકની પેટા ચૂટણીમાં કોંગ્રેસ અને આમઆદમી પાર્ટીના ઉમેદવારોના ટેકેદારોએ એફિડેવિટના આધારે દરખાસ્ત પાછી લેતા બંને ઉમેદવારોના ઉમેદવારીપત્ર રદ થયા હતા. હરીફ તરીકે એક પણ ઉમેદવાર ન રહેતા ભાજપના દેવેન્દ્રસિંહ બિનહરિફ વિજેતા જાહેર થયા હતા.

છોટાઉદેપુર નગરપાલિકાની ચૂંટણી આજ રોજ પાંચ ઉમેદવારી પત્રો પરત ખેંચવામાં આવ્યા હતા. હવે કુલ 99 ઉમેદવારો ચૂંટણી લડશે. અત્રે ઉલ્લેખનીય છે કે નગરપાલિકાની 7 વોર્ડની 28 બેઠકો માટે 142 ફોર્મ ભરાયા હતા.

બોટાદ નગરપાલિકાની ચૂંટણી માટે આજે આમઆદમી પાર્ટીના 6 ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા હતા. ત્યારે આ 6 બેઠકો સાથે કુલ 10 બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ વિજેતા થયા છે. આ અંગે ચૂંટણી અધિકારી આરતી ગૌસ્વામીએ વધુ માહિતી આપતા આ મુજબ જણાવ્યું.

(બાઇટ: આરતી ગૌસ્વામી, ચૂંટણી અધિકારી, બોટાદ)

. . . . . . . . . . . . . .

# KHAADHYA SURAKSHAA BETHAK-BANASKANTHA

બનાસકાંઠા જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને પાલનપુર ખાતે જિલ્લા ખાદ્ય સુરક્ષા સલાહકાર સમિતિની એક બેઠક યોજાઈ. આ બેઠકમાં ફુડ સેફટી વિભાગની ગત વર્ષ દરમ્યાન થયેલ વિવિધ કામગીરીની સમીક્ષા કરાઈ હતી.

કલેક્ટરશ્રીએ ખાદ્ય સુરક્ષા અને ગુણવત્તાને સુનિશ્ચિત કરવા તથા સ્વચ્છતા,નિયમન પર ખાસ ભાર મૂકવા જણાવ્યું હતું. ખાદ્ય સુરક્ષા નિયમોનો ભંગ કરનારાઓ તેમજ વેપારીઓ સામે કડક પગલાં લેવામાં આવશે તેમ ઉમેર્યું હતું.

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# DWARKA HC PETITION

બેટ દ્વારકાના બાલાપર ગામ ખાતે ગેરકાયદેસર ધાર્મિક દબાણોને વક્ફ બોર્ડની મિલકત હોવાનો દાવો કરતી પીટીશન નામદાર વડી અદાલતે ફગાવી છે. વક્ફના નામે સરકારી જગ્યાઓ પર કબજો કરી કુલ 12 ગેરકાયદેસર ધાર્મિક દબાણો ઊભા કરી દેવામાં આવ્યા હતા. વડી અદાલતે પિટિશન ફગાવતા પ્રશાસન દ્વારા દબાણો દૂર કરવાની કાર્યવાહી શરૂ કરાઇ.

. . . . . . . . . . . . .

# GIR SOMANTH NQAS CERTIFICATE

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના વાવડી આરોગ્ય કેન્દ્રને રાષ્ટ્રીય કક્ષાનો નેશનલ ક્વોલીટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ -NQAS એવોર્ડ પ્રાપ્ત થયો છે. ગુણવત્તા, જ્ઞાન, કૌશલ્ય, ચેપ નિયંત્રણ અને સ્વચ્છતાલક્ષી સ્વાસ્થ્ય સુવિધાઓ, દર્દીઓમાં જાગૃતિ લાવવાની કામગીરી માટે આ એવોર્ડ એનાયત કરાયો છે.

કેન્દ્ર સરકારના તજજ્ઞો દ્વારા વાવડી આરોગ્ય કેન્દ્રની સેવાઓનું મૂલ્યાંકન કરી તેનો અહેવાલ કેન્દ્ર સરકારમાં રજૂ કરાયો હતો. જેમાં 86 ટકા મેળવી વાવડીને રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . .

# KUTCH TRAINING SESSION

આંકડાકીય અને યોજના અમલીકરણ મંત્રાલય દ્વારા ફેડરેશન ઓફ કચ્છ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન-FOKIAના સહયોગથી ઉદ્યોગોના વાર્ષિક સર્વે રિટર્ન ફાઇલ કરવા માટેના તાલીમ સત્રનું ભુજ ખાતે આયોજન કરાયું. મંત્રાલયની પ્રાદેશિક કચેરીના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ ડૉ. નિયતિભાઇ જોશીએ જણાવ્યું કે, આ તાલીમ કાર્યક્રમમાં ઔદ્યોગિક એકમો પોતે જ સમયસર અને સચોટ રીતે ASI રિટર્ન ભરી શકે તે માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

(બાઈટ: ડો. નિયતિભાઇ જોશી, ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ, પ્રાદેશિક કચેરી અમદાવાદ)

અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છ જિલ્લો ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યો છે ત્યારે જો ASI રિટર્ન થકી ગુણવત્તાસભર ડેટા રેકોર્ડ પર આવશે તો સકલ ઘરેલુ ઉત્પાદનમાં કચ્છના ઉદ્યોગ ક્ષેત્રના યોગદાનની યોગ્ય નોંધ લેવામાં જરૂર મદદ મળશે.

---------

# SELVAS CANCER CAMP

વિશ્વ કેન્સર દિવસના અનુસંધાને કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલીના સેલવાસમાં મહિલાઓ માટે કેન્સર તપાસ કેમ્પનું આયોજન કરાયું. આ કેમ્પમાં

તપાસ દરમિયાન કેન્સરના લક્ષણો દેખાયા હોય તેઓને આવશ્યક સૂચનાઓ આપવામાં આવી હતી. આ અંગે સેલવાસ રોટરી કલબના પ્રમુખ વિરલ રાજપૂતે વધુમાં આ મુજબ જણાવ્યું..

(બાઈટ: વિરલ રાજપૂત.. રોટરી પ્રમુખ)

. . . . . . . . . . . . .

# WEATHER

આગામી 24 કલાકમાં રાજ્યનું લઘુત્તમ તાપમાન બેથી ચાર ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટશે. હવામાન વિભાગના નિયામક એકે દાસના જણાવ્યા અનુસાર હાલમાં દક્ષિણ રાજસ્થાનમાં એક સાયકલોનિક સર્ક્યુલેશન સક્રિય છે જેને કારણે ગુજરાત પર ઉત્તર દિશા તરફથી પવન આવવાની શક્યતા વધુ છે. જેથી ઠંડીનો અનુભવ થશે. ત્યારબાદ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં વધારો થવાની શક્યતાઓ છે.

છેલ્લા 24 કલાક દરમિયાન નલિયામાં સૌથી ઓછું 9.6 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું. જ્યારે અમદાવાદ અને વડોદરામાં 17.4, રાજકોટમાં 15.2 અને સુરતમાં 18.2 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

. . . . . . . . . . . . .

# NARMADA JAYANTI-BHARUCH

ભરૂચના ઐતિહાસિક દશાશ્વમેધ ઘાટ સ્થિત પૌરાણિક નર્મદા માતાજીના મંદિરે આજે નર્મદા જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી જ ભક્તોની ભીડ ઉમટી પડી હતી. મંગળા આરતીથી શરૂ થયેલા કાર્યક્રમમાં માતાજીની પ્રતિમાને સવામણ દૂધનો અભિષેક કરવામાં આવ્યો અને ભવ્ય ફૂલ શણગાર કરવામાં આવ્યો હતો.

1926માં જીર્ણોદ્ધાર પામેલ આ પ્રાચીન મંદિરમાં દર વર્ષે મહા સુદ સાતમના દિવસે મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવે છે. સમગ્ર દિવસ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભક્તોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . .

# KHELMAHAAKUMBH-YOGASAN-BHAVNAGAR

ખેલ મહાકુંભના ત્રીજા તબક્કામાં ભાવનગર ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાની યોગાસનની સ્પર્ધામાં ઋચા ત્રિવેદીએ પારંપારિક અને આર્ટિસ્ટિક બંને સ્પર્ધામાં દ્વિતિય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આંતર રાષ્ટ્રીય યોગા ખેલાડી અને મિસ યોગીની ઓફ ગુજરાતનું ખિતાબ મેળવનાર 14 વર્ષીય ઋચાએ પોતાના વયજૂથ કેટેગરીમાં આ બન્ને જીત મેળવતા તેણી હવે રાજ્યકક્ષાએ ખેલ મહાકુંભમાં યોગની સ્પર્ધામાં ભાગ લેશે.

. . . . . . . . . . . . .

# AAYURVEDIK CAMP-BHUJ

સરકારી આયુર્વેદ હોસ્પિટલ ભુજ ખાતે આવતીકાલે મધુમેહ (ડાયાબીટીસ) અંગે નિ:શુલ્ક નિદાન-સારવાર-સલાહ કેમ્પ યોજાશે. સરકારી આયુર્વેદ હોસ્પિટલ દ્વારા દર મહિનાના પ્રથમ બુધવારે યોજાતા આ કૅમ્પમાં ડાયાબિટીસની સાથે સાથે ખાંસી તેમજ શ્વાસના દર્દીઓને આયુર્વેદિક-હોમિયોપેથીક સારવાર તેમજ એક્સરે સહિતની જરૂરી તપાસ વિના મૂલ્યે કરવામાં આવશે.

આ કેમ્પમાં દર્દીઓને રોજિંદી જીવન પદ્ધતિ તેમજ આહાર-વિહાર અંગેનું માર્ગદર્શન પણ આપવામાં આવશે. કેમ્પનો સમય સવારે ૯:૦૦ થી ૧૨:૩૦ અને સાંજે ૪:૦૦ થી ૫:૩૦ રહેશે, એવું સરકારી આયુર્વેદ હોસ્પિટલની યાદીમાં જણાવાયું છે.

-------------------------------------

# NUKKAD NAATAK-GIR SOMNAATH

ગીર સોમનાથ જિલ્લાના સૈયદ રાજપરા ખાતે ગ્રામજનોને નુક્કડ નાટકના માધ્યમથી આરોગ્યલક્ષી સમજ અપાઈ. આરોગ્ય વિભાગ દ્વારા નવી માતા અને 5 વર્ષથી નાના બાળકોના આરોગ્ય અંગે ચલાવાતી ખાસ ઝુંબેશ “સાંસ” અંતર્ગત યોજાયેલ આ નાટકમાં અભિનય દ્વારા WHO ના આરોગ્યના સાત સૂત્રો અને ઓ.આર.એસ. બનાવવાની સાચી રીત, વિગેરે વિષય પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પ્લાન ઈન્ડિયા સંસ્થાના સ્ટેટ મેનેજર, ગીર સોમનાથ જિલ્લાના બ્લોક ઓફિસર, શાળાના આચાર્યશ્રી, સરપંચશ્રી, તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . . .

# MILLET EXPO

8 ફેબ્રુઆરીથી અમદાવાદ, સુરત, વડોદરા, ભાવનગર, જામનગર, ગાંધીનગર અને રાજકોટમાં 'મિલેટ એક્સ્પો – 2025' યોજાશે.

જેના અનુસંધાને રાજકોટના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ અંજુ શર્માએ આ એક્સપોની તૈયારીઓ અંગેની સમીક્ષા કરી હતી. આ બે દિવસીય એક્સ્પોમાં 60 પ્રદર્શન સ્ટોલ તેમજ 15 જેટલા લાઈવ ફૂડ કોર્ટ ઉભા કરવામાં આવશે. જેમાં મીલેટ્સ અને પ્રાકૃતિક રીતે તૈયાર થયેલા શાકભાજી તેમજ અન્ય પ્રોડક્ટ્સનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવશે.

--------